જુલાઈ ૨૦૧૭

કિંમત ` ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# અક્રમ એક્સપ્રેસ


**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૯, અંક : ૧૧
સળંગ અંક : ૧૦૭
*જુલાઈ ૨૦૧૭*



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Printed & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


## સંપાદકીય

**બાળમિત્રો,**

આપણે જ્યારે કોઈનામાં સારી 'કોમનસેન્સ' જોઈએ, ત્યારે આપણે ખુશ થતા હોઈએ છીએ. એનો અર્થ એ કે આપણને પણ આપણામાં 'કોમનસેન્સ' ડેવલપ થાય એ ગમે છે.

જો તમે ઊંચી 'કોમનસેન્સ' વાળાને ધ્યાનથી જોશો તો તમને એમનામાં અમુક સામાન્ય ગુણો અચૂક દેખાશે. એમાંનો એક ગુણ છે - એડજસ્ટમેન્ટ.

આ અંકમાં આપણને એ જાણવા મળશે કે એડજસ્ટમેન્ટને અને 'કોમનસેન્સ' ને કઈ રીતે કનેક્શન છે. અને કઈ રીતે એડજસ્ટમેન્ટ લેવાથી 'કોમનસેન્સ' વધે.

તો થઈ જાઓ તૈયાર.....એડજસ્ટમેન્ટ શીખવા અને તેનાથી 'કોમનસેન્સ' નો ફાયદો લેવા.

-ડિમ્પલ મહેતા





# દાદાજી કહે છે...

## 'મિલનસાર'થી વધે 'કોમનસેન્સ'

દાદાશ્રી : 'કોમનસેન્સ' વાળો માણસ જોયેલો ? કોઈ માણસ અત્યાર સુધી મેં 'કોમનસેન્સ' વાળો જોયો જ નથી. મોટા મોટા 'ક્લેક્ટર', પણ 'કોમનસેન્સ' ક્યાંથી લાવે ? 'કોમનસેન્સ' વાળાને ઘરમાં વઢવાડ થતી હશે ? જેની જોડે રહેવાનું છે, જેની જોડે ખાવાનું છે, જેની જોડે પીવાનું છે, જેની જોડે ટેબલ પર જમવા બેસવાનું છે, તેની જોડે વઢવાડ થતી હશે ? એનું નામ 'કોમનસેન્સ' કહેવાય ? આવી 'કોમનસેન્સ' ક્યાંથી લઈ આવ્યા ? આ તો જગત આખું મનમાં ખોટા પારા લઈને ફર્યા કરે છે. 'હું કંઈક જાણું છું' અલ્યા શું જાણ્યું તેં ? 'કોમનસેન્સ' તો જાણી નથી હજુ, તો બીજું શું જાણ્યું ?

પ્રશ્નકર્તા : બે વચ્ચે મતભેદ પડે તો બેમાંથી કોનામાં 'કોમનસેન્સ' ઓછી હોય, એ શી ખબર પડે ?

દાદાશ્રી : એ તો ખબર પડે ને, કે બે માંથી કોણ પહેલો મતભેદ પાડે છે ? એનામાં ઓછી. 'કોમનસેન્સ' વાળો માણસ 'એવરી વ્હેર એડજસ્ટેબલ' હોય. કોઈ ગાળ ભાંડે, તેની જોડેય 'એડજસ્ટ' થઈને કહેશે, 'આવો, આવો, બેસો ને, કશો વાંધો નહીં'.

એટલે 'કોમનસેન્સ' જોઈશે. આ તો 'અક્કલ વગરના છો' એવું કહ્યું કે મોઢું ચઢી જાય. અલ્યા, 'કોમનસેન્સ' નથી ? આટલું કહ્યું એમાં તારો તોબરો શું કરવા ચઢી ગયો ? એડજસ્ટમેન્ટ લઈ લે ને. તો તરત 'કોમનસેન્સ' વધી જાય.

દાદાશ્રી : એથી હું કહું છું ને, કે આ બધા જોડે બેસીએ તો લોકોનો પ્રેમ આપણી ઉપર ઉત્પન્ન થાય. અને બીજી વાતોચીતો ચાલે, પોતપોતાની વાતો કરે, એમાં વાતમાંથી પકડી લઈએ તો 'કોમનસેન્સ' વધે આપણી. બધાંય માણસોમાં ભળીને ચાલવાથી 'કોમનસેન્સ' વધે.

પ્રશ્નકર્તા : બધાં જોડે હળીમળીને રહેવું એમ આપે કહ્યુંને, તો તિરસ્કાર કાઢી અને બધાંની જોડે હળીમળીને ચાલો તો મહીં 'કોમનસેન્સ' વધે.

દાદાશ્રી : તિરસ્કાર તો ગાયો-ભેંસોનોય ના કરાય, તો આ મનુષ્યની જોડે કેમ કરાય ?



# જાદુઈ જીન



"એન્યુઅલ ડે માટે શીલ, ગાર્ગી અને તન્વી, 'બ્યુટી એન્ડ ધ બીસ્ટ' પર ડ્રામા કરશે," ટીચરે જાહેર કર્યું, "ગર્લ્સ, આખા ડ્રામાની જવાબદારી તમારી છે. સ્ક્રીપ્ટ, રોલ્સ અને બીજું બધું તમારે જાતે જ નક્કી કરવાનું રહેશે."

શીલ, ગાર્ગી અને તન્વીના ઉત્સાહનો પાર ના રહ્યો. જેવો સ્કૂલ બેલ વાગ્યો, ત્રણેય ડ્રામાની વાતોમાં પરોવાઈ ગયા.

"હું "બ્યૂટી" નો રોલ ભજવીશ." ગાર્ગી બોલી.

"ઓહ મિસ ઘમંડી, જાતે જ નક્કી કરી લીધું?" બ્યૂટી મારે બનવું છે. શીલે સામે કહ્યું.

"તું મને ઘમંડી કેવી રીતે કહી શકે? અમને બધાને ખબર છે કે તું કેટલી ઘમંડી છે." ગાર્ગી અને શીલનું વાગ્યુદ્ધ ચાલુ થઈ ગયું.

"ઓહ, પ્લીઝ, સ્ટોપ. મને ભૂખ લાગી છે. આપણે રોલ્સ કાલે નક્કી કરીએ?" તન્વીએ બંનેની બોલાચાલી અટકાવવાની કોશિશ કરી.

બીજા દિવસે રોલ્સ નક્કી કરવાની વાત કરી, ત્રણેય છૂટા પડ્યા.

શીલ ઉદાસ ચહેરે ઘર તરફ ચાલી રહી હતી ત્યાં તો તેના પગમાં કંઈક ટકરાયું. નીચે જોયું, તો એક જૂનો કાચનો લેમ્પ હતો.

શીલને થયું, "અરે, આ તો સ્ટોરી બુકમાં હોય એવો લેમ્પ દેખાય છે. ઘસીએ એટલે જીન આવીને ત્રણ વિશ પૂરી કરે." એણે નીચે વળીને લેમ્પ હાથમાં લીધો. ઉપર જામેલી ધૂળ સાફ કરતી હતી, ત્યાં તો પૂ...ફ, એક જીન, શીલ સામે પ્રગટ થયો.

શીલના અચંબાનો પાર ના રહ્યો. એણે પોતાની આંખો ચોળી. આંખો પહોળી કરીને જોયું તો પેલો જીન મોઢું લટકાવીને એની સામે ઊભો હતો. સ્ટોરી

બુક્સમાં હોય, એવો નોર્મલ જીન આ નહોતો. આ તો દુબળો, વૃદ્ધ અને જાણે વર્ષોથી ઊંઘ્યો ના હોય, એવો દેખાતો હતો.

પણ શીલ તો બહુ ઉત્સાહમાં આવી ગઈ, "વાહ ! મતલબ કે મારી ત્રણ વીશ પૂરી થશે ?"

જીન અકળાઈને બોલ્યો, "ઓહ, મને થોડો આરામ આપ. મને યાદ પણ નથી કે હું ક્યારથી આ લેમ્પમાં કેદ છું. વર્ષોથી ખાધું નથી, સમુદ્રમાં ફરી ફરીને થાકી ગયો છું અને તને ત્રણ વીશની પડી છે ?"


આંખો ઝીણી કરીને શીલે જીન સામે જોયું અને વિચાર્યું, "નસીબ મારા, કે એક જીન મળ્યો જે જીન જેવો દેખાતો નથી અને ચીડિયો પણ છે."

ધીમે રહીને શીલે પૂછ્યું, "સારું, ત્રણ નહીં, પણ એક વિશ માંગુ ?"

જીને નિસાસો નાખ્યો, "તેં લેમ્પ ઘસ્યો, એટલે તું મારી માલિક. પણ જો. એક જ હં..."

શીલના ચહેરા પર એક મીઠું હાસ્ય આવી ગયું.

"જો મારા માસ્ટરે આપેલી
બે સોનેરી ચાવીઓ કોઈ અપનાવી લે,
તો એની બધી જ ઉદાસી ગાયબ થઈ જાય."



એણે કહ્યું, "મારી ઈચ્છા છે કે મારા મિત્રો મારી સાથે ફાઈટ ના કરે. એ લોકો મારી સાથે ફાઈટ કરે, ત્યારે હું બહુ ઉદાસ થઈ જાઉં છું."

"લે, એક વિશ તો વેડફાઈ ગઈ," જીને માથું હલાવીને કહ્યું.

"એટલે?" શીલને કંઈ સમજાયું નહીં.

"જો, તું મારી માલિક છે. એટલે, હું તારામાં બદલાવ લાવી શકું. પણ, તારી ઈચ્છા પ્રમાણે બીજામાં ફેરફાર ના લાવી શકું. પણ જો મારા માસ્ટરે આપેલી બે સોનેરી ચાવીઓ કોઈ અપનાવી લે, તો એની બધી જ ઉદાસી ગાયબ થઈ જાય."

શીલને જીનની વાતમાં રસ પડ્યો.

"એડજસ્ટ એવરીવ્હેર" અને "અથડામણ ટાળો". જે વ્યક્તિ, બધા જ સંજોગોમાં એડજસ્ટમેન્ટ લેવાનો પ્રયત્ન કરે, અને કોઈની સાથે અથડામણમાં ના આવે, એને ક્યારેય ઉદાસી સ્પર્શી ના શકે, આ વાક્યો બોલતાં જ થાકેલા પાકેલા જીનના ચહેરા પર એક અનેરી ચમક આવી ગઈ અને થોડી જ ક્ષણોમાં એ પાછો લેમ્પમાં અદ્રશ્ય થઈ ગયો.

બીજા દિવસે, શીલે તેના મિત્રો સાથે બધી રીતે એડજસ્ટ થવાનો નિશ્ચય કર્યો.

કોણ કયો રોલ કરશે, એ સમસ્યાનો ઉકેલ લાવવા શીલે કહ્યું, "ગર્લ્સ, મને ખબર છે કે આપણને બધાને 'બ્યૂટી' નો રોલ જોઈએ છે. પણ, એ તો પોસીબલ નથી. તો એક કામ કરીએ? બધા રોલ્સના નામ એક એક ચિઠ્ઠી પર લખીએ. જેના ભાગે જે ચિઠ્ઠી આવે, તે રોલ એને મળે."

ગાર્ગી અને તન્વી સહમત થયા.

શીલને 'બીસ્ટ' નો રોલ નહોતો જોઈતો, અને તે જ એને મળ્યો. પણ તેમ છતાંય તે ખુશ હતી. ફ્રેન્ડસ સાથે કોઈ ઝઘડા વગર પ્રોબ્લેમ સોલ્વ થયો એની એને ખુશી હતી. ત્રણેયે બેસીને સ્ક્રીપ્ટ બનાવી, અને બીજા દિવસે રીહર્સલ કરવાનું નક્કી કરી છૂટા પડ્યા.

શીલ આખા રસ્તે જીનને યાદ કરી રહી હતી. ઘરે જઈને એણે જીનને સરસ મજાનું ભોજન આપ્યું.

જીને એક મોટો ઓડકાર ખાધો અને પૂછ્યું, "તો, તેં તારી બીજી વીશ વિચારી?"

શીલ તો પોતાના જવાબ સાથે રેડી જ હતી, "હા, હું ક્યારેય, કોઈ પણ સમસ્યામાં ના ફસાઉં"

જીને પોતાની દાઢી ખંજવાળી અને બોલ્યો, "હમ્મ્મ, સરસ ઈચ્છા છે! તો એના માટે તું શું કરશે?"

શીલ ધપ દઈને, જીન પાસે બેસી ગઈ, "એક મિનિટ, જીન તો તમે છો ને? તો, વિશ તમે પૂરી નહીં કરો?"

"ઓહ! જાદુની રાહ જોઈ બેસી રહેવાય?" અભ્યાસ બંધ કરી દો તો જે શીખ્યા હો, તે ભૂલી જવાય. એમ જાદુની પ્રેક્ટિસ ના કરું, તો જાદુ કરતાં ભૂલી જવાય. કેટલા વખતથી મેં પ્રેકટીસ નથી કરી." જીન બોલ્યો.

શીલનું મોઢું લટકી પડ્યું.

પણ જીને આગળ ઉમેર્યું, "પણ, જો કોમનસેન્સ વાપરીશ, તો કોઈ સમસ્યામાં ક્યારેય નહીં ફસાય."

"કોમનસેન્સ?" શીલે પૂછ્યું.

"હા, કોમનસેન્સથી ભલભલી સમસ્યાઓના તાળા ખૂલી જાય. કોઈ પણ પ્રોબ્લેમ કોમનસેન્સથી સોલ્વ થઈ શકે અને જાણે છે, આ કોમનસેન્સ પ્રગટે કેવી રીતે? એડજસ્ટમેન્ટથી અને અથડામણ ટાળવાથી. કોઈ આપણને અથડાય, પણ આપણે કોઈને અથડાઈએ નહીં, તો કોમનસેન્સ ઉત્પન્ન થાય. કોઈ પણ સંજોગોમાં એજડસ્ટમેન્ટ લેતા શીખી જઈએ, તો કોમનસેન્સ ખીલે."

અને પુ...ફ કરીને, જીન પાછો લેમ્પમાં અદ્રશ્ય થઈ ગયો.



બીજા દિવસે, શીલ પ્રેક્ટીસ માટે પહોંચી ત્યારે રૂમમાં અતિશય ગરમી હતી. ગાર્ગીએ રૂમની બધી જ સ્વીચો ચાલુ-બંધ કરીને જોઈ, પણ પંખો ચાલુ ના થયો.

"આપણને કેવી ભઠ્ઠી આપી છે પ્રેકટીસ કરવા અને સિનિયર્સને તો એ.સી.વાળી રૂમ મળી છે," તન્વી બોલી.

ગરમી તો ખરેખર ખૂબ હતી. પરંતુ ફરિયાદ એ સમસ્યાનો ઉકેલ નહોતો. શીલને જીનની વાત યાદ આવી. એડજસ્ટ એવરીવ્હેર. અને એ એડજસ્ટમેન્ટ લેવાના ઉપાયો વિચારવા લાગી, "આપણે સિનિયર્સ પાસેથી એમના રૂમનો ટેબલ ફેન માંગીએ?"

સિનિયર્સ તરત જ માની ગયા અને થોડીવાર પછી એમને પોતાનો રૂમ વાપરવા પણ આપ્યો. પ્રેક્ટીસ સરસ રીતે પૂરી થઈ.

ફાઈનલ શો નો દિવસ આવી ગયો. નાટક ખૂબ સરસ ભજવાયું. દર્શકોએ તાળીઓના ગડગડાટ સાથે બધા જ એક્ટર્સને વધાવ્યા. શીલ ખૂબ ખુશ હતી. ઘરે જઈને, જીનને બધી વાત કહેવાની એને ઉતાવળ થઈ.

જેવી એ એના રૂમમાં પહોંચી, જીન પોતાના સવાલ સાથે તૈયાર હતો, "ઓકે, તો ત્રીજી વિશ છે?"

"હા જીન, આજે હું બહુ જ ખુશ છું. તમારી ચાવીઓથી મને બહુ જ હેલ્પ મળી છે. મારી ઈચ્છા છે કે તમે કાયમ જ મારી સાથે રહો."

જીને શીલના માથા પર એક હલકી ટપલી મારી, "ગુડ ટ્રાય! પણ, એવી ઈચ્છાઓ રાખવાનો શું મતલબ કે જે વ્યાજબી ના હોય? પણ જો તું એડજસ્ટમેન્ટ લઈશ અને અથડામણ ટાળીશ, તો તારી કોમનસેન્સ, દિવસે દિવસે ખીલ્યા જ કરશે. અને કોમનસેન્સ કોઈ જાદૂઈ જીનથી ઓછી નથી. કોમનસેન્સ બધી જ મુશ્કેલીઓમાંથી બહાર નીકળવાનો રસ્તો દેખાડશે."

શીલ જીનને વળગી પડી. જીનની આંખોમાં નરમાશ આવી અને શીલે પહેલી વખત જીનનું આછું સ્મિત જોયું.


અને પુ....ફ, પાછું જીન લેમ્પમાં અદ્રશ્ય થઈ ગયો.



'અથડામણ આપણે સામેથી ના કરવી જોઈએ. સામો અથડાય ત્યારે આપણે નક્કી કર્યું હોય, કે મારે નથી જ અથડાવું, તો 'કોમનસેન્સ' ઉત્પન્ન થાય. આ આત્માની શક્તિ એવી છે કે ઘર્ષણ વખતે કેમ વર્તવું, એનો ઉપાય બતાવી દે અને એક વખત બતાવે પછી એ જ્ઞાન જાય નહીં. આમ કરતાં કરતાં 'કોમનસેન્સ' ભેગી થાય.'

# આ તો નવી જ વાત !

'કોમનસેન્સ' એટલે એ એવી ચાવી છે કે 'એવરીવ્હેર એપ્લીકેબલ' હોય, એનાથી ગમે તેવા કાટ ચઢેલાં તાળાં ઉઘડી જાય. નઠારામાં નઠારા માણસનું તાળું આપણાથી ઉઘડે તો જાણવું કે આપણી પાસે 'કોમનસેન્સ' છે. નહીં તો 'કોમનસેન્સ' વગરની બધી વાતો કરે છે, એમાં કશુંય પોતાની સમજણ નથી.'






કોની જીત?
શહેરના સૌથી પ્રખ્યાત મેજિક શો ની ટિકિટ હતી એક અને જવાવાળા ત્રણ...
ડેડી, હું સૌથી નાની છું. મેં ક્યારેય કોઈ મેજિક શો નથી જોયો. પ્લીઝ, ડેડી...પ્લીઝ, પ્લીઝ...
તો અમારી પાસે શુ મેજિક શો ના સીઝનલ પાસ છે ? અમે પણ આવો શો નથી જોયો. ડેડી, હું શાહ અંકલ સાથે જોવા જઈશ.
ડેડી, મારે જવું છે.
ઓકે, ઓકે, કાલે સાંજે મેજિક શો જોવા કોણ જશે એનું ડિસીઝન હું લઈશ. લંચ ટાઈમ સુધીમાં તમને જાણ થઈ જશે.
બાળકો, અમે કામથી બહાર જઈએ છે. પ્લીઝ, ઘર સાફ કરી દેજો. ગયા રવિવારની જેમ આજે પણ.....
મમ્મીએ વાક્ય અધૂરું છોડી દીધું.....
જેવા મમ્મી-પપ્પા ગયા, ચેતનાએ ફોન હાથમાં લીધો અને સોફાના એક ખૂણામાં ગોઠવાઈ ગઈ.
પ્રીતિ ટી.વી.નો રીમોટ લઈને સોફાના બીજા ખૂણામાં બેસી ગઈ અને ટી.વી. ઓન કરી, ચેનલો બદલવા લાગી.


તમે બન્ને શું કરી રહ્યા છો ? મમ્મીએ ઘર સાફ કરવાનું કહ્યું, તમે સાંભળ્યું નહીં ?
પણ ચેતના અને પ્રીતિ તો પોતાનામાં એવા મસ્ત બની ગયા કે ગૌરીની વાતનો કોઈએ જવાબ જ ના આપ્યો.
કોઈ સાંભળતુ જ નથી !
ગૌરી અકળાઈને સ્ટડી ટેબલની ચેર પર જઈને બેસી ગઈ. ત્યાં તો એની નજર, ટેબલ પર પડેલી તૂટેલી ફોટો ફ્રેમ પર પડી અને ગયા રવિવારનો આખો પ્રસંગ આંખ સામે હાજર થઈ ગયો.
ગયા રવિવારે, કામ કરવાની બાબતમાં જ, ત્રણેય બહેનો વચ્ચે મોટો ઝઘડો થયો હતો અને ગુસ્સામાં એણે ફોટો ફ્રેમ ફેંકેલી.
ગર્લ્સ, આ સારું ના કહેવાય. મમ્મી-ડેડી જોબ કરે છે. તો શું તમે હળીમળીને આટલું કામ ના કરી શકો ?
એકબીજા સાથે એડજસ્ટમેન્ટ લેતાં શીખશો તો તમને ભવિષ્યમાં બીજા લોકો સાથે એડજસ્ટ થતાં ફાવશે. એડજસ્ટમેન્ટ લેવાથી, પ્રોબ્લેમ્સને સોલ્વ કરવાની શક્તિ ખીલશે, કોમનસેન્સ ખીલશે. સમજાય છે તમને ?
કેટલો સરસ ફોટો છે. પહેલાં અમે કેવું હળીમળીને રહેતાં હતાં. ઝઘડો કરીને શું ફાયદો થયો ? ટાઈમ વેસ્ટ થયો, ફોટો ફ્રેમ તૂટી ગઈ અને બધાને કેટલું દુઃખ થયું.
ગૌરીના મનમાં જાણે અનુભવનું તારણ આવ્યું...
મારાથી બને એટલું સાફ કરી લઉં. થોડું વધારે કામ કરીશ, તો શું ઘસાઈ જઈશ ? અને મમ્મીને પણ કેટલી હેલ્પ થશે !





સફાઈ કરતાં ગૌરીને એક સફેદ કવર મળ્યું. કવર ખાલી હતું પણ કવર પર લખેલું - જેને મળ્યું એના માટે - લવ, ડેડી.
કવર પોકેટમાં મૂકી, ગૌરીએ કામ ચાલુ રાખ્યું. બીજા રૂમમાંથી એને બીજું કવર મળ્યું. ત્રીજા રૂમમાંથી એવું જ ત્રીજું કવર મળ્યું.
આ શું ?
ત્યાં તો ડોરબેલ વાગી. પ્રીતિએ દરવાજો ખોલ્યો. મમ્મીના હાથમાં પિત્ઝાનું બોક્સ જોઈને, એની આંખોમાં ચમક આવી ગઈ.
લંચ પછી, મેજિક શો માં કોને જવા મળશે, એ સસ્પેન્સ ખૂલવાની રાહ જોવાઈ રહી હતી.
શું આજે તમારા લોકોનો કામ કરવાની બાબતમાં કોઈ ઝઘડો થયો ?
ના, ડેડી બિલકુલ નહીં.
ઓ.કે. તો સફેદ કવર કોની પાસે છે ?
સફેદ કવર ?


ડેડી, મને ત્રણ સફેદ કવર મળ્યા છે.
કવર ? કયું કવર ?
એટલે તારી જીત થઈ. મેજિક શો ની ટિકિટ ગૌરીને મળશે.
પણ કેમ ?
ડેડી, એવું કેમ ?
કારણ કે ગૌરીએ તમારી સાથે ઝઘડો કર્યા વગર, પોતાના ટાઈમનું એડજસ્ટમેન્ટ લઈ ઘરની સફાઈ કરી. એનું પ્રાઈઝ છે કે એને શો માં જવા મળશે.
પણ ડેડી ત્રણ કવર ?
ગઈ કાલે રાત્રે મેં શાહ અંકલને રીકવેસ્ટ કરી, બીજી બે ટિકિટ પણ મંગાવી હતી. ત્રણ વિનર્સ બની શકતા હતા, પણ અફસોસ.....
પ્રીતિ અને ચેતનાનું માથું શરમથી ઝૂકી ગયું.
વિનર એક બને, પણ જેને પોતાની ભૂલ સમજાય, એ રનર-અપ તો બની શકે ને ! ચાલો, જલદી તૈયાર થઈ જાઓ. શાહ અંકલ થોડી વારમાં તમને ત્રણેયને લેવા આવતા જ હશે.

# ચાલો રમીએ...

પઝલ




દોરી કયા રોકેટથી જોડેલી છે એ શોધો. દરેક દોરીમાં એક રંગ છુપાયેલ છે. એ રંગ શોધી કાઢો.



# જીવંત ઉદાહરણ

સત્યાવીસ વર્ષ જેલમાં કેદ રહ્યા બાદ, ફેબ્રુઆરી ૧૧,૧૯૯૦ના દિવસે નેલ્સન મંડેલા મુક્ત થયા. ચાર વર્ષ બાદ, નેલ્સન મંડેલા સાઉથ આફ્રિકાના પ્રથમ બ્લેક પ્રેસીડન્ટ બન્યા.

મંડેલા જ્યારે પ્રેસીડન્ટ બન્યા, ત્યારે સાઉથ આફ્રિકામાં બ્લેક અને વ્હાઈટ પ્રજા વચ્ચે જબરદસ્ત તણાવ હતો. બંને પ્રજાને એકબીજા પ્રત્યે અત્યંત દ્વેષ હતો. આ દ્વેષ, હિંસા અથવા સિવિલ વોરમાં પરિણમે એવી પૂરેપૂરી શક્યતા હતી. દેશને સંગઠિત કરી અને દેશમાં એક્તા લાવવી, એ નેલ્સન મંડેલા માટે ભારે મોટી કસોટી હતી. જે વ્હાઈટ પ્રજાએ મંડેલાને ૨૭ વર્ષ જેલમાં કેદ રાખ્યા, તેમના પ્રત્યે સહેજ પણ વેરભાવ રાખ્યા વગર, દિલથી એમને માફી આપી, એમની સાથે મળીને, દેશને ઊંચો લાવવા, મંડેલા સંપૂર્ણ પ્રયત્નશીલ હતા.

એક વખત નેલ્સન મંડેલા સાઉથ આફ્રિકા અને ઈંગ્લેન્ડ વચ્ચેની રગ્બી મેચ સ્ટેડીયમમાં જોઈ રહ્યા હતા. તે વખતે એમણે જોયું કે દેશની બ્લેક પ્રજા પોતાના દેશની ટીમને ટેકો આપવાને બદલે પ્રતિસ્પર્ધી, ઈંગ્લેન્ડની ટીમને ટેકો આપી રહી હતી. આનું કારણ એ જ હતું, કે બ્લેક પ્રજા, સાઉથ આફ્રિકાના વ્હાઈટ પ્લેયર્સને ટેકો આપવા નહોતી ઈચ્છતી.

આ જોઈ મંડેલાને, દેશને સંગઠિત કરવાનો ઉપાય સૂઝયો. એક વર્ષ બાદ, સાઉથ આફ્રિકામાં રગ્બીનો વર્લ્ડ કપ યોજાવાનો હતો. મંડેલાએ સાઉથ આફ્રિકાની રગ્બી ટીમ (સ્પ્રિંગબોક) ના કેપ્ટનને બોલાવી અને સમજાવ્યું કે વર્લ્ડ કપમાં સ્પ્રિંગબોકની જીત, સાઉથ આફ્રિકાની એક્તા અને સંગઠનનું મોટું નિમિત્ત બની શકે તેમ છે. કેપ્ટન, મંડેલાના શબ્દોથી ખૂબ પ્રભાવિત થયા અને એમના વાતથી સહમત થયા.

એક રગ્બી મેચ, દેશને સંગઠિત કરી શકે તે વાત ઘણાને માન્યામાં નહોતી આવતી. પણ, મંડેલા અને કેપ્ટનને દ્રઢ વિશ્વાસ હતો કે દેશનું સંગઠન રગ્બી મેચ નિમિત્તે શક્ય છે.

સાઉથ આફ્રિકાની રગ્બી ટીમ, દેશના નાના ટાઉનમાં જઈને રગ્બી મેચ યોજવા લાગી. આ નિમિત્તે, ટીમના પ્લેયર્સ સ્થાનિક બ્લેક પ્રજા સાથે હળવા-મળવા લાગ્યા. અને ધીરે ધીરે, બ્લેક પ્રજા સાથે એમની ફ્રેન્ડશીપ થતી ગઈ. જોતજોતામાં, દેશની બ્લેક પ્રજા, પોતાના દેશની રગ્બી ટીમને સપોર્ટ કરવા લાગી.

સાઉથ આફ્રિકાની ટીમે, ૧૯૯૫માં રગ્બી વર્લ્ડ કપ, જીતીને એક અનોખી સફળતા મેળવી. વર્ષો જૂના વેરભાવ ઓગાળીને, સાઉથ આફ્રિકાની બ્લેક અને વ્હાઈટ પ્રજાએ, પ્રથમ વાર, એક સાથે સ્ટેડીયમમાં બેસીને, પોતાની ટીમ અને પોતાના દેશને દિલથી ટેકો આપ્યો.

અને આમ, નેલ્સન મંડેલાની ગજબની કોમનસેન્સથી, એક રગ્બી મેચ, દેશની એક્તાનું મોટું નિમિત્ત બની.

# ઐતિહાસિક ગૌરવગાથા

ચંપાપુર નગરમાં બળભદ્ર નામે એક ધનવાન શેઠ રહેતા હતા. તેમને પાંચ દીકરા હતા. બધા દીકરા ગુણવાન તથા બુદ્ધિમાન હતા.

આ શેઠના મકાનની સામે રાજપુરોહિત શ્રીધર રહેતા હતા. તેમને નારાયણ નામનો દીકરો હતો. તે મોજશોખમાં મોટો થયો અને કંઈ ભણ્યો નહીં. વખત જતાં તેના મા-બાપ  અવસાન પામ્યા. ભણ્યો-ગણ્યો ન હોવાથી તેને પિતાનું રાજપુરોહિત પદ ના મળ્યું. પરંતુ તેના પિતાજીનું કમાયેલું ધન હતું તેથી તેણે વિચાર્યું કે દેશ-પરદેશ ફરી અને મોજ કરીશ.

એક દિવસ ઘરનો સામાન ગોઠવતાં તેને એક ખૂણામાંથી એક નાની પેટી મળી આવી. ખોલીને જોયું, તો એના અચંબાનો પાર ના રહ્યો. તેમાં પાંચ નંગ કિંમતી રત્ન હતા. એ રત્નોની કિંમત કરાવવા એ ઝવેરીની દુકાને ગયો. ઝવેરીએ દરેકની કિંમત એક કરોડ મુદ્રા આંકી. હવે, નારાયણે વિચાર્યું, ''મારે કમાવવાની ક્યાં જરૂર છે ?'' જરૂર પડે રત્ન વેચીશ અને મજા કરીશ''

> ''વહુ, તેં કેમ જાણ્યું ? આ વાત મારા અને ભગવાન સિવાય કોઈ જાણતું નથી.''

પરદેશ જવાની તૈયારી પૂરી થઈ ગઈ, પણ એને વિચાર આવ્યો, ''આ કિંમતી રત્નોની પેટી ક્યાં મૂકવી ?'' ઘરમાંથી કોઈ ચોરી જાય તો ?''

બળભદ્ર શેઠ આબરૂદાર અને 'સત્ય નિષ્ઠ' હતા. એટલે એણે પેટી શેઠના ઘરે મૂકી અને કહ્યું, ''હું પરદેશથી પાછો ફરીશ, ત્યારે આ પેટી લઈ જઈશ.'' પેટી શેઠને ત્યાં મૂકી, નારાયણ નિશ્ચિંત થઈ પરદેશ રવાના થયો.

થોડા દિવસ બાદ દિવાળી આવી. ઘરની સફાઈ કરતાં, શેઠને પેલી પેટી દેખાઈ અને ખોલીને જોવાનું મન થયું. પેટી ઉઘડતાં જ શેઠ સ્તબ્ધ બની ગયા, ''આવા મોંઘા રત્નો!''

રત્નો હાથમાં લેતાં શેઠની દાનત બગડી. અંદરથી અવાજ આવ્યો, ''પરાયા ધન પર નજર બગાડવી મહાપાપ છે.'' પણ શેઠે અંદરના અવાજને દાબી દીધો. એમનું મન લલચાયું, ''આમાંથી બે નંગ વેચી લઉં તો કરોડપતિ બની જાઉં. નારાયણ મારું શું બગાડી લેશે. આમ પણ ક્યાં કોઈ સાક્ષી છે કે એણે મને કોઈ પેટી આપી હતી.''

શેઠે બે રત્નો વેંચીને, બે કરોડ મુદ્રા મેળવી. આ ધનમાંથી એમણે પાંચ મજલાની હવેલી બનાવી.

પાંચ વર્ષ બાદ નારાયણ વિદેશથી પાછો ફર્યો. એનું બધું ધન વપરાઈ ગયું હતું. શેઠ બળભદ્ર પાસે જ્યારે પોતાની પેટી લેવા ગયો ત્યારે શેઠે એને ઓળખવાનો જ ઈન્કાર કરી દીધો.

''અરે શેઠ, હું નારાયણ છું. મેં તમારે ત્યાં જે રત્નોની પેટી રાખેલી, તે પાછી લેવા આવ્યો છું.'' નારાયણે પોતાની ઓળખાણ આપી.

શેઠે ક્રોધિત થઈને કહ્યું, "કયા રત્નો ? કેવી પેટી ?" શેઠે પોતાના સેવકોને બોલાવી, નારાયણને ધક્કા મારી, ઘરની બહાર કાઢી મૂક્યો.

નારાયણ દુ:ખ અને ભૂખથી પાગલ બની ગયો અને એક દિવસ એક મકાનની છત પરથી કૂદકો મારી મરી ગયો.

થોડા દિવસ બાદ, બળભદ્ર શેઠના સૌથી મોટા પુત્ર શ્રીકાંતના લગ્ન થયા. નવવધૂને લઈને શ્રીકાંત પોતાની હવેલી પર આવ્યો. ભવનના પાંચમા માળે ચઢતા તેણે જોરથી બૂમ પાડી, "ઓરે, મરી ગયો. બચાવો, નાગ કરડ્યો." શરીરમાં ઝેર પ્રસરતા, તેના પ્રાણ નીકળી ગયા. શેઠ બળભદ્રના કાળજાના ટુકડા થઈ ગયા.

આ વાતને ઘણો સમય વીત્યો. બળભદ્ર શેઠની પીડા થોડી ઓછી થઈ, એટલે એમણે બીજા દીકરા શશીકાંતના લગ્ન કર્યા. એની સાથે પણ એવું જ બન્યું. નાગે ડંસ દીધો અને એણે પ્રાણ ખોયા. બળભદ્ર શેઠના દુ:ખનો પાર ના રહ્યો.

વર્ષો બાદ હિંમત ભેગી કરી બળભદ્રે પોતાના ત્રીજા અને ચોથા દીકરાના લગ્ન કરાવ્યા. પણ, એમના પણ એ જ હાલ થયા.

ઘણા વર્ષો બાદ એ જ નગરના એક શેઠ, પોતાની દીકરીના લગ્ન બળભદ્ર શેઠના પાંચમાં અને છેલ્લા દીકરા સાથે કરવાની વાત લઈને આવ્યા.

બળભદ્ર શેઠે કહ્યું, "તમે જાણો છો ને કે મારા ચાર દીકરાઓ લગ્ન બાદ તરત અવસાન પામ્યા ? તો શા માટે તમારે તમારી દીકરીને મારા દીકરા સાથે પરણાવીને જુવાનીમાં જ વિધવા બનાવવી છે ?"

દીકરીના પિતાજીએ બળભદ્ર શેઠને ચોક્કસ ખાતરી આપી, "મારી દીકરી શુભમતિએ એક મહાન પુરૂષ પાસે ધાર્મિક અભ્યાસ કર્યો છે. તો પોતાની સમજના પ્રતાપથી તમારા ઘરની રક્ષા કરશે."

દીકરીના પિતાએ ખૂબ સમજાવ્યું એટલે આખરે, ભારે હૈયે બળભદ્ર શેઠે એમની વાત સ્વીકારી. લગ્ન બાદ હરીકાંત શુભમતિને ઘરે લાવ્યો. સહુના શ્વાસ અદ્ધર હતા.

શુભમતિએ હવેલી દ્વાર પર આવતાં જ પોતાના સાસુમાને કહ્યું, "મા ! શેઠજીને બોલાવો. મારે એમને ખાસ વાત કરવાની છે."

શેઠ બળભદ્ર આવ્યા. વહુએ એક ખૂણે લઈ જઈ શેઠને કહ્યું, "પેલા બ્રાહ્મણના પાંચ રત્ન લઈ આવો." શેઠ ચોંક્યા, "કયા



રત્નો, વહુ ?'' શુભમતિએ કહ્યું, ''પિતાજી, આ અવસર વાદવિવાદનો નથી.'' શેઠે કહ્યું, ''વહુ, તેં કેમ જાણ્યું ? આ વાત મારા અને ભગવાન સિવાય કોઈ જાણતું નથી.'' વહુએ જવાબ આપ્યો, ''પિતાજી, સમય ન બગાડો. જલદી એ રત્નની પેટી લાવો.'' શેઠ દોડીને રત્નની પેટી લઈને આવ્યા અને કહ્યું, ''પાંચ રત્નોમાંથી બે નંગ વેચી નાખ્યા છે. ત્રણ બચ્યા છે, તે આ રહ્યા.''

વહુ સંતાડીને રત્ન પેટી લઈ ગઈ. પાંચમાં માળે એણે રત્નની પેટી ઉઘાડી અને બોલી, ''હે નાગદેવતા, મારા સસરાએ આપની સાથે જે વિશ્વાસઘાત કર્યો છે તે અપરાધને ક્ષમા કરો અને બચેલાં ત્રણ રત્નથી સંતોષ માનો.''

ચમત્કાર થયો અને નાગદેવતા બહાર આવ્યા. રત્નપેટીમાંથી એક રત્ન મોમાં લઈ પાછા ચાલ્યા ગયા.ચારે તરફ વહુની વાહવાહ થઈ. લોકોએ સતી શુભમતીની જય બોલાવી.બળભદ્ર શેઠે વહુને પૂછ્યું, ''આ બધું રહસ્ય સમજાવો.'' શુભમતીએ જવાબ આપ્યો, ''પિતાજી, તમે એ બ્રાહ્મણ સાથે વિશ્વાસઘાત કર્યો હતો અને એના પાંચ રત્નો પડાવી લીધા હતા. એ બ્રાહ્મણ મરીને નાગ થયો અને વિશ્વાસઘાતનો બદલો લેવા તમારા ઘરમાં સંતાઈ રહ્યો. એક એક કરીને તમારા ચાર દીકરાના પ્રાણ લીધા. પરંતુ આજે મેં નાગદેવતાની ક્ષમા માંગી અને રત્નોની પેટી તેની સામે ધરી. ચાર રત્નોનો બદલો તેણે લઈ લીધો હતો. પાંચમાંનો બદલો બાકી હતો તેથી તે એક રત્ન પોતાના મોંમાં લઈ પલાયન થઈ ગયો. તેનું વેર પૂરું થયું. હવે, તે કોઈ ઉપદ્રવ નહીં કરે.''

શેઠને નવાઈ લાગી, ''પણ, વહુ તમે આ બધું કઈ રીતે જાણ્યું?'' વહુએ જણાવ્યું કે જે મહાન સત્પુરૂષ પાસેથી એણે ધાર્મિક અભ્યાસ કર્યો હતો, તેમણે એને આ વાત જણાવી હતી. અને શુભમતિએ પોતાની સમજથી આ ગુનાની પાર નીકળવાનો ઉપાય કર્યો હતો.બળભદ્ર શેઠને પોતે કરેલો અપરાધ ખૂબ ડંખ્યો અને એમણે દિલથી પોતાની ભૂલનો પસ્તાવો કર્યો.આમ પારકી વસ્તુ સંમતિ વગર લઈ લેવાના ભયંકર પરિણામો બળભદ્ર શેઠે ભોગવ્યા. અને દિલથી પસ્તાવો કરી એ ભૂલમાંથી છૂટ્યા.







દાદાજીના જીવનનો એક બહુ સરસ પ્રસંગ છે. એક વાર દાદાના મોટા ભાઈએ દાદાને વડોદરાથી ભાદરણ દાદાને સંદેશો મોકલ્યો, "આટલી રકમ લઈને, તું વહેલી તકે વડોદરા આવી જા. કાલે સવારે મારે જોઈએ છે."

દાદાને આ સમાચાર મળ્યા, ત્યારે રાત પડી ગઈ હતી. ગમે તેમ કરીને, રાત્રે આ પૈસા લઈને વડોદરા જવું પડે એમ હતું. રકમ મોટી હતી, એટલે દાદા એમના નોકરને સાથે લઈને નીકળ્યા. મોડું થઈ ગયું અને તેઓ ટ્રેન ચૂકી ગયા. એટલે એમણે નક્કી કર્યું કે રેલવેના પાટે પાટે ચાલીને જવું, અને આગળથી ગાડી પકડવી.

હોશિયારી વાપરીને દાદાએ થોડા પૈસા પોતાના ખિસામાં રાખ્યા અને વધારે પૈસા નોકરના ખિસામાં રાખ્યા. દાદાને ખ્યાલ હતો કે એ વિસ્તારમાં લૂંટારાઓ માણસોને લૂંટી લે છે. પણ, મોટાભાઈને પૈસા પહોંચાડવા જરૂરી હતા. એટલે તેઓ હિંમતભેર ચાલવા લાગ્યા.

અંધારું ખૂબ હતું. પાટે ચાલતા હતા, ત્યાં દૂર એમને થોડા માણસોની બીડીની લાઈટ દેખાઈ. દાદા અને એમના નોકર સમજી ગયા. કે દૂર લૂંટારાઓ બેઠા છે. નોકર ફફડવા માંડ્યો. દાદાને થયું, "પૈસા જાય એનો વાંધો નહીં, પણ મારશે તો ટાંટિયા તોડી નાખશે."

દાદાની કોમનસેન્સ તો ટોપ લેવલની. એમણે ઈશારાથી નોકરને પાછળ આવવા કહ્યું. અને તેઓ સીધા, લૂંટારાઓ પાસે ગયા. દાદાએ ચોરોને પૂછ્યું, "સાહેબ, આપની પાસે માચીસ છે ? મારી પાસે બીડી છે, પણ માચીસના પૈસા નથી."

પેલા ચોર એકદમ ચિડાઈ ગયા, "અત્યારે અમારું મગજ ખાવા શું કામ આવ્યો છે ?" અકળાઈને માચીસ આપી, દાદા અને એમના નોકરને ત્યાંથી રવાના કરી દીધા.

ચોરોને થયું, કે આમની પાસે માચીસના પૈસા નથી, તો બીજું તો શું હશે ખિસામાં.

અને આમ, ચોરો સાથે કોઈ પણ જાતની અથડામણમાં આવ્યા વગર, કોમનસેન્સ વાપરીને દાદાએ પ્રોબ્લેમ સોલ્વ કર્યો.

# મીઠી યાદેં




૧૯૮૨નો આ પ્રસંગ છે. એક મહાત્માના ઘરે દાદાનો સત્સંગ રાખવામાં આવ્યો હતો. સત્સંગમાં, બીજા સંપ્રદાયના એક મોટી ઉંમરના ભાઈ આવ્યા હતા. જેવા દાદા રૂમમાં દાખલ થયા, બધા મહાત્માઓ, "દાદા ભગવાનના અસીમ જયજયકાર હો." ગાવા લાગ્યા.

બીજા સંપ્રદાયના ભાઈને આ માફક ના આવ્યું. કીર્તન - ભક્તિ પૂરી થઈ, એટલે તેઓ ગુસ્સે થઈ ગયા અને દાદાને કહેવા લાગ્યા, "તમે તમારી જાતને ભગવાન કેમ કહેવડાવો છો ?"

તરત જ દાદા, એ ભાઈના સંપ્રદાયના ભગવાનના "અસીમ જયજયકાર હો" ગાવા લાગ્યા અને બીજા મહાત્માઓ પણ દાદા સાથે ગાવામાં જોડાઈ ગયા.

પેલા ભાઈ તો ખૂબ રાજી થઈ ગયા, અને દાદાના પગમાં પડીને રડી પડ્યા.

જોયું મિત્રો, જ્ઞાની કોઈની સાથે અથડામણમાં ના આવે, અને પોતાની આગવી સમજ અને કોમનસેન્સથી સામાના મનનું સમાધાન પણ કરાવી દે.

# સીમંધર સીટીમાં હિન્દી શિબિર દરમ્યાન યોજાયેલ B MHT અને L MHT માટે કેમ્પ



















1

10

2

1. ORANGE
2. BLUE
3. GREEN
4. YELLOW
5. PURPLE

Akram Express
July 2017
Year : 9, Issue : 11
Conti. Issue No.: 107

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

## સીમંધરસીટીમાં હિન્દી શિબિર દરમ્યાન એક સંધ્યા આનંદમેળાનું આયોજન કરેલ. એમાં યોજાયેલ કલ્ચરલ શો.







### અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.